મહીસાગર સિંચાઈ વિભાગની ઘોર બેદરકારી, ૧૧,૦૦૦ હેક્ટર જમીન તરસતી રહી

લુણાવાડામાં બિલ્ડરોના પાપે કેનાલો ગાયબ ૧૩૦ ગામના ખેડૂતો પાણી વિના બેહાલ!

સફાઈના નામે કાગળ પર લાખોના ખિસ્સા ભર્યા

(પ્રતિનિધિ) લુણાવાડા તા.૧૨

મહીસાગર જિલ્લાના મુખ્ય મથક આસપાસની સિંચાઈ કેનાલો સ્થાનિક તંત્રની ઘોર બેદરકારી અને આયોજનના અભાવે પુરાઈ જતાં ખેડૂતો ભારે હાલાકીનો સામનો કરી રહ્યા છે. કડાણા ડેમ આધારિત ડાબા કાંઠાની નહેર જે કડાણા અને લુણાવાડા તાલુકાના ૧૩૦ ગામોની ૧૧,૦૦૦ હેક્ટર જમીન માટે આશીર્વાદરૂપ છે, તે અત્યારે ભ્રષ્ટાચારના કાદવમાં ખૂંપી ગઈ છે. આરોપ છે કે માત્ર મુખ્ય કેનાલોની ઉપરછલ્લી સફાઈ કરી સંતોષ મનાય છે, જ્યારે માઈનોર કેનાલો આજે પણ કચરા અને ઝાડી-ઝાંખરાથી ખદબદી રહી છે.

સમગ્ર મામલામાં સૌથી ચોંકાવનારો ખુલાસો એ છે કે લુણાવાડા આસપાસની કોલિયા માઈનોર કેનાલ બિલ્ડરોના લાભાર્થે ભૂંગળા નાખીને પૂરી દેવામાં આવી છે. સૂત્રોના જણાવ્યા અનુસાર, બિલ્ડરોને ફાયદો કરાવવા માટે આ કેનાલને 'ભૂગર્ભ કેનાલ' બનાવવાનો કારસો ઘડાઈ રહ્યો છે અને તે અંગે સરકારમાં પ્રપોઝલ પણ મોકલી દેવાઈ છે. જો આ વિસ્તારના ખેડૂતોનો અભિપ્રાય લેવામાં આવે તો તંત્ર અને બિલ્ડરોની આ સાંઠગાંઠનો પર્દાફાશ થઈ શકે તેમ છે.

ખેડૂતોના જણાવ્યાનુસાર, સોનેલાથી ચેનપુર, ગધનપુર સુધીની માઈનોર કેનાલ સાફ કરવામાં આવી નથી, જેથી પાણી પૂરું મળતું નથી. તેવી જ રીતે કેનાલના ભૂંગળા પુરાઈ જવાથી પાણી ખેતરોમાં ફરી વળે છે અને પાકને નુકસાન થાય છે. રજૂઆતો છતાં તંત્ર આવતું નથી.

કાગળ પર સફાઈ, વાસ્તવિકતામાં ગંદકીનો ખડકલો

કેનાલ સફાઈ અને ગેરકાયદેસર દબાણો હટાવવાના નામે દર વર્ષે લાખો રૂપિયાનો ખર્ચ સરકારી ચોપડે ઉધારવામાં આવે છે. ભ્રષ્ટ અધિકારીઓ માત્ર અમુક વિસ્તારોની સફાઈ કરી, તેના ફોટા પાડીને કામ પૂરું થયાનું ચિત્ર ઊભું કરે છે. લુણાવાડાની પરમપુર માઈનોર કેનાલ કચરાથી ભરાઈ ગઈ હોવાને કારણે પાણી આગળના ગામો સુધી પહોંચતું જ નથી. ઉલટું, કેનાલ ઓવરફ્લો થવાથી પાણી આજુબાજુના ખેતરોમાં ભરાઈ જાય છે.

શિક્ષક પરિવારે ૫ લાખના દહેજ માટે પુત્રવધૂને ઘરમાંથી કાઢી મૂકી

દીકરીના જન્મ બાદ સાસરિયાઓએ ત્રાસ આપી મારઝૂડ કરી હોવાની પોલીસ ફરિયાદ

(પ્રતિનિધિ) લુણાવાડા તા.૧૨

પંચમહાલ જિલ્લાના શહેરામાં મારૂતિનંદન સોસાયટીમાં રહેતા એક શિક્ષક પરિવારે પોતાની જ પુત્રવધૂ પાસે પિયરમાંથી રૂ. ૫ લાખનું દહેજ લાવવાનું દબાણ કરી, તેને શારીરિક અને માનસિક ત્રાસ આપીને ઘરમાંથી હાંકી કાઢી હોવાની આઘાતજનક ઘટના સામે આવી છે. આ મામલે મહિલા પોલીસ મથકે પતિ, સાસુ, સસરા અને નણંદ વિરુદ્ધ ગુનો નોંધાયો છે.

મહિસાગર જિલ્લાના ખારોલ ગામની દીકરી નિલાબેનના લગ્ન વર્ષ ૨૦૧૫માં શહેરાની શાળામાં શિક્ષક તરીકે ફરજ બજાવતા ભીખાભાઈ પરમારના પુત્ર હંસરાજ સાથે થયા હતા. આ લગ્નજીવન દરમિયાન તેમને નવ વર્ષની દીકરી 'જીલ' છે. ફરિયાદ અનુસાર, દીકરીના જન્મ બાદ સાસરિયાઓનું વલણ બદલાયું હતું અને તેઓ ઘરકામ બાબતે મેણાં-ટોણાં મારતા હતા.

પતિ હંસરાજ અવારનવાર મારઝૂડ કરી "પિયરમાંથી ૫ લાખ લાવ તો જ અહીં રહેવા દઈશું" કહી ટોર્ચર કરતો હતો. વર્ષ ૨૦૨૧ થી છૂટાછેડા લઈને ઘરે આવેલી નણંદ અંજલિબેન પણ પરિણીતાને માનસિક ત્રાસ આપતા હતા. અસહ્ય ત્રાસથી કંટાળી નિલાબેન છેલ્લા દોઢ વર્ષથી પિયરમાં રહેતા હતા.

ગત ૨૩મી મેના રોજ જ્ઞાતિના આગેવાનો સાથે જ્યારે પરિણીતા સાસરીના વતન રતનપુર ખાતે ઘરવસવાટ કરવા ગઈ, ત્યારે સાસરિયાઓએ તેને ઘરમાં ઘૂસવા દીધી ન હતી. મહિલા પોલીસ સ્ટેશનમાં કાઉન્સિલિંગ નિષ્ફળ જતાં અને સાસરિયાઓએ છૂટાછેડાની માંગ કરતા, અંતે નિલાબેને પતિ હંસરાજ પરમાર, સસરા ભીખાભાઈ, સાસુ લીનાબેન અને નણંદ અંજલિબેન વિરુદ્ધ દહેજ પ્રતિબંધક અધિનિયમ હેઠળ ગુનો નોંધાવ્યો છે.

'નળસેજળ' કૌભાંડમાં વધુ એક કોન્ટ્રાક્ટરની ધરપકડ

વેણાં અને સીમલીયા ગામમાં ૫.૦૬ કરોડના ખોટા બિલો રજૂ કરી આચરી ગેરરીતિ હતી

(પ્રતિનિધિ) લુણાવાડા તા.૧૨

મહીસાગર જિલ્લામાં કરોડો રૂપિયાના ચકચારી 'નળ સે જળ' યોજના કૌભાંડમાં સીઆઈડી ક્રાઇમે તપાસનો સિંજોગો કસતા વધુ એક મોટી સફળતા મેળવી છે. સીઆઈડી ક્રાઇમ બ્રાન્ચે આ કૌભાંડમાં સંડોવાયેલા મુખ્ય કોન્ટ્રાક્ટર મહેશકુમાર ઉત્તમચંદ લુહાણાની ગોધરા ખાતેથી ધરપકડ કરી છે. આ સાથે જ ૧૨૩ કરોડના આ મહાકૌભાંડમાં પકડાયેલા કુલ આરોપીઓનો આંકડો હવે ૩૭ પર પહોંચ્યો છે. પ્રાથમિક તપાસમાં બહાર આવ્યું છે કે ઝડપાયેલા કોન્ટ્રાક્ટર મહેશ લુહાણાએ વેણાં ગામમાં ૨,૫૦,૩૬,૧૮૬.૫૪ અને સીમલીયા ગામમાં ૨,૫૫,૬૮,૦૧૦.૮૨ ના ખોટા બિલો રજૂ કરીને સરકારી નાણાંની ઉચાપત કરી હતી. સરકાર દ્વારા હજુ તેની પાસેથી કુલ ૫,૦૬,૦૪,૧૮૭.૩૬ ની રકમ રિકવર કરવાની બાકી છે.

ગયા વર્ષે ૨૨મી જૂનના રોજ વાસ્મોના યુનિટ મેનેજર દ્વારા નોંધાવવામાં આવેલી ફરિયાદ બાદ સીઆઈડીએ કાર્યવાહી હાથ ધરી છે. અત્યાર સુધીમાં પકડાયેલા ૩૭ આરોપીમાં વાસ્મોના કર્મચારી, કોન્ટ્રાક્ટરો, ૦૩ સરપંચોનો સમાવેશ થાય છે. હાઈકોર્ટે અન્ય આરોપીની આગોતરા જામીન અરજી ફગાવી દીધી હોવાથી, સીઆઈડી હવે ઝડપાયેલા કોન્ટ્રાક્ટરના રિમાન્ડ મેળવી વધુ પૂછપરછ કરશે.

ખેડા જિલ્લા પંચાયતના ભાજપના સભ્ય પ્રફુલ ઉર્ફે સ્વામી સહિત 3 આરોપીઓ ફરાર

વડતાલ પાસે વિદેશી દારૂ પકડાયો

સ્ટેટ વિજિલન્સની રેડમાં 5.17 લાખનો મુદ્દામાલ જપ્ત કરાયો

(પ્રતિનિધિ) નડિયાદ તા.૧૨

ખેડા જિલ્લાના વડતાલ પોલીસ મથકની હદમાં આવેલા વલેટવા ગામની સીમમાં સ્ટેટ મોનિટરિંગ સેલએ વહેલી સવારે ત્રાટકીને વિદેશી દારૂનું મસમોટું નેટવર્ક ઝડપી પાડ્યું છે. આ ગેરકાયદેસર કારોબારમાં ખેડા જિલ્લા પંચાયતની 27-પીપળાતા બેઠકના શાસક પક્ષ ભાજપના સભ્ય પ્રફુલ ઉર્ફે સ્વામી અને તેના ભાગીદારોની સંડોવણી બહાર આવતા સમગ્ર જિલ્લાના રાજકારણમાં ભારે ખળભળાટ મચી ગયો છે.

સ્ટેટ વિજિલન્સની ટીમે ચોક્કસ બાતમીના આધારે વલેટવા ગામની સીમમાં નર્મદા કેનાલ પાસે આવેલા એક ગોડાઉન પર દરોડો પાડ્યો હતો. સર્ચ ઓપરેશન દરમિયાન અલગ-અલગ બ્રાન્ડની વિદેશી દારૂની કુલ 1033 બોટલો મળી આવી હતી. પોલીસે સ્થળ પરથી 5.17 લાખથી વધુનો મુદ્દામાલ જપ્ત કર્યો છે અને હિતેષ પરમાર નામના એક શખ્સની ધરપકડ કરી છે. પકડાયેલા શખ્સની પૂછપરછમાં આ સમગ્ર કાળો કારોબાર ભાજપના નેતા પ્રફુલ ઉર્ફે સ્વામી અને તેના ભાગીદારોની સંડોવણી ભાગીદારીમાં ચલાવતા હોવાનો ચોંકાવનારો ખુલાસો થયો છે.

સત્તાધારી પક્ષના જ ચૂંટાયેલા પ્રતિનિધિ આટલા મોટા દારૂના નેટવર્કમાં સંડોવાયેલા હોવાની વાત વાયુવેગે પ્રસરતા ભાજપ છાવણીમાં દોડધામ મચી ગઈ છે. હાલમાં મુખ્ય સૂત્રધાર એવો ભાજપનો સભ્ય પ્રફુલ, મકાન માલિક ભગુભાઈ પરમાર અને અતુલ પરમાર ફરાર થઈ ગયા છે, જેમને પકડવા માટે પોલીસે ચક્રો ગતિમાન કર્યા છે.

બુટલેગર નેતાનો ગુનાહિત ઇતિહાસ

દારૂના આ નેટવર્કમાં જેનું નામ મોખરે આવ્યું છે તે ભાજપનો સભ્ય પ્રફુલ ઉર્ફે સ્વામી અગાઉ પણ પ્રોહિબિશનના ગુનાઓમાં પકડાઈ ચૂકેલો રીઢો ગુનેગાર છે. ગુનાહિત ઇતિહાસ ધરાવતા હોવા છતાં સત્તાના જોરે પક્ષમાં સ્થાન મેળવીને આ ટોળકી ગેરકાયદેસર પ્રવૃત્તિઓ ચલાવતી હોવાનું બહાર આવ્યું છે.

કાયદાની આંખમાં ધૂળ નાખવા રચેલું ષડયંત્ર

વિજિલન્સની તપાસમાં જાણવા મળ્યું છે કે દારૂ કયા રાજ્ય કે ડિસ્ટિલરીમાંથી આવ્યો છે ? તેની કડી પોલીસને ન મળે તે માટે બુટલેગરોએ દારૂની બોટલો પરથી મેન્યુફેક્ચરિંગ તારીખ અને બેચ નંબર જાણીજોઈને ભૂંસી નાખ્યા હતા. ભાજપના નેતાની ટોળકીએ પોલીસને ગેરમાર્ગે દોરવા માટે આ વ્યવસ્થિત ષડયંત્ર રચ્યું હતું.

વડતાલની હોસ્પિ.માં કેન્સરના દર્દીની નિઃશુલ્ક તપાસ થશે

વડોદરાની સ્ટર્લિંગ હોસ્પિટલના નિષ્ણાત તબીબોનો સહયોગ મળશે

(પ્રતિનિધિ) આણંદ તા.૧૨

સ્વામિનારાયણ સંપ્રદાયના મુખ્ય તીર્થધામ વડતાલ સ્થિત સ્વામિનારાયણ મલ્ટી સ્પેશિયાલિટી હોસ્પિટલ દ્વારા માનવસેવાનું વધુ એક પ્રશંસનીય કદમ ઉઠાવવામાં આવ્યું છે. હોસ્પિટલ ખાતે વડોદરાની સ્ટર્લિંગ હોસ્પિટલના નિષ્ણાત તબીબોના સહયોગથી વિવિધ પ્રકારના કેન્સરના રોગો માટે નિઃશુલ્ક તપાસ કેન્દ્ર શરૂ કરવામાં આવ્યું છે.

આ તપાસ કેન્દ્રમાં મોઢા અને ગળાનું કેન્સર, સ્તન કેન્સર, સ્ત્રીઓને લગતા કેન્સર, પ્રોસ્ટેટ, હાડકા, લોહી, સ્વાદુપિંડ તેમજ લીવર અને પિત્તાશયના કેન્સરની નિઃશુલ્ક તપાસ કરી યોગ્ય માર્ગદર્શન આપવામાં આવશે. આ નિષ્ણાત તબીબોમાં ડો. મૃગલ દોશી (કેન્સર નિષ્ણાત) દર બુધવારે બપોરે ૩:૦૦ થી ૪:૦૦ કલાક સુધી. ડો. પાર્થ શાહ (સર્જીકલ તબીબ) દર મહિનાના પહેલા અને ત્રીજા ગુરુવારે બપોરે ૧૨:૦૦ થી ૧:૦૦ સુધી અનેડો. મેહુલ ગોહિલ (રેડિયેશન તબીબ) દર મહિનાના પહેલા અને ત્રીજા શુક્રવારે બપોરે ૧૨:૦૦ થી ૧:૦૦ સુધી સેવા આપશે. વડતાલ ધામમાં નિઃશુલ્ક સેવા આપતી આ હોસ્પિટલના આ નવા વિભાગથી જરૂરિયાતમંદ દર્દીઓને ઘરઆંગણે જ નિષ્ણાત તબીબોનું માર્ગદર્શન અને તપાસની સુવિધા ઉપલબ્ધ થશે.

આણંદ-ખેડા અને મહિસાગર જિલ્લાના સંસ્થા સમાચાર

ગોહિલપુરા પ્રાથમિક શાળામાં વિદ્યાર્થીઓને સ્કૂલ બેગ અને નોટબુકનું વિતરણ

આણંદ | ઉદ્દેશ્ય ચેરિટેબલ ટ્રસ્ટ અને એલ.આઈ.સી. પેન્શનર્સ એસોસિએશન દ્વારા ગોહિલપુરા પ્રાથમિક શાળામાં શૈક્ષણિક કીટ વિતરણનો કાર્યક્રમ યોજાયો હતો. સરપંચ મહેમુદખાન રાઠોડની મુખ્ય ઉપસ્થિતિમાં જરૂરિયાતમંદ વિદ્યાર્થીઓને સ્કૂલ બેગ અને નોટબુક આપી શિક્ષણ માટે પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા. આ સેવાકાર્યમાં સંજયખાન રાઠોડ અને મરહૂમ સમીરખાન રાઠોડ પરિવાર સહિત અનેક દાતાઓએ વિશેષ સહયોગ પૂરો પાડ્યો હતો. ટ્રસ્ટી ચિરાગકુમાર નાયકે જણાવ્યું કે, વિદ્યાર્થીઓને મદદ કરવાના હેતુથી આયોજન કરાયું હતું.

આણંદ રેલ્વે સ્ટેશન ખાતે વિશ્વ બાળ મજૂરી વિરોધી દિવસ નિમિત્તે જાગૃતિ કાર્યક્રમ યોજાયો

આણંદ | વિશ્વ બાળ મજૂરી વિરોધી દિવસ નિમિત્તે ચાઇલ્ડ હેલ્પ લાઇન ૧૦૯૮ અને જિલ્લા બાળ સુરક્ષા એકમ દ્વારા આણંદ રેલ્વે સ્ટેશન પર જનજાગૃતિ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં રેલ્વે સ્ટેશન માસ્ટર, RPF અને GRP ના અધિકારીઓ તેમજ મોટી સંખ્યામાં મુસાફરોની હાજરીમાં બાળ મજૂરી નાબૂદીની પ્રતિજ્ઞા લેવડાવવામાં આવી હતી. આ કાર્યક્રમનો મુખ્ય ઉદ્દેશ્ય બાળકોના શિક્ષણ, સુરક્ષા અને વિકાસના અધિકારો પ્રત્યે સમાજને સંવેદનશીલ બનાવી બાળ મજૂરી અટકાવવાનો હતો. આ પ્રસંગે બાળ મજૂરી નાબૂદીમાં સહભાગી થવા અપીલ કરવામાં આવી હતી.

ગુજરાતમિત્ર
તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

ગતિવિધિ

આપના સમાજ, સંસ્થા, સોસાયટી કે જૂથના કાર્યક્રમોને 'ગુજરાતમિત્ર' આણંદ પ્રસિદ્ધ કરશે. આપની જાહેર ખબર પ્રેસનોટ, અવસાન નોંધ નીચેના સરનામે મોકલી આપો.

આણંદ : SF-223 એક્વેરીયસ કોમ્પ્લેક્ષ, કૃષ્ણ રોડ, ગોપાલ ચોકડી.
E-mail : gujmitraanand@gmail.com
મો. 99784 40509
નડિયાદ : પહેલો માળ, ભારત ભૂવન, તાલુકા પંચાયત સામે, નડિયાદ.
E-mail : gujmitranadiad@gmail.com

કપડવંજમાં વડાપ્રધાનના ૧૨ વર્ષ પૂર્ણ થવા નિમિત્તે વાસ્તા તળાવ ખાતે સ્વચ્છતા અભિયાન યોજાયું

કપડવંજ | પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના ૧૨ વર્ષના સફળ કાર્યકાળની ઉજવણીના ભાગરૂપે કપડવંજના વાસ્તા તળાવ ખાતે ભાજપ દ્વારા વિશેષ સફાઈ અભિયાન હાથ ધરાયું હતું. આ કાર્યક્રમમાં નગરપાલિકા પ્રમુખ સેજલબેન પટેલ અને શહેર ભાજપ પ્રમુખ નયન પટેલ સહિતના અગ્રણીઓ અને કાર્યકર્તાઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. ઉપસ્થિત આગેવાનોએ તળાવ અને આસપાસના વિસ્તારોની સફાઈ કરી લોકોને સ્વચ્છતા જાળવવા માટે સહભાગી બનવા ખાસ અપીલ કરી હતી. ભાજપ સંગઠનના કાર્યકર્તાઓના ભારે ઉત્સાહ વચ્ચે આ સેવાકીય કાર્યક્રમ સફળતાપૂર્વક સંપન્ન થયો હતો.

કપડવંજમાં એચપી સખી તાલીમ વર્ગ દ્વારા મહિલા સશક્તિકરણનું આયોજન કરાયું

કપડવંજ | ખેડા જિલ્લાના કપડવંજમાં એચપીસીએલ દ્વારા એચપી સખી બહેનો માટે પી.એમ. એલ.પી.જી. પંચાયત અને રૂડી (RUDI) કંપનીના સંકલનમાં વિશેષ તાલીમ વર્ગ યોજાયો હતો. આ કાર્યક્રમમાં નાગણેશ્વરી કૃપા ગેસ એજન્સીના સહયોગથી એચપી સખી કલ્પનાબા સોલંકીએ 'HP GAS VITRAN' એપ દ્વારા E-KYC કરવાની પ્રક્રિયાની વિગતવાર માહિતી આપી હતી. રૂડી મલ્ટી ટ્રેડિંગ કંપની દ્વારા શુદ્ધ અનાજ અને કઠોળ જેવી વસ્તુઓના વેચાણ થકી બહેનો ઘર આંગણે આર્થિક રીતે સક્ષમ બને તેવું માર્ગદર્શન અપાયું હતું.

કપડવંજમાં શહેર ભાજપ યુવા મોરચા દ્વારા 'એક પેડ માં કે નામ' અંતર્ગત વૃક્ષારોપણ કરાયું

કપડવંજ | કપડવંજ શહેર ભાજપ યુવા મોરચા દ્વારા દમયંતી બાગ ખાતે પર્યાવરણ જાળવણીના સંદેશ સાથે 'એક પેડ માં કે નામ' કાર્યક્રમનું સુંદર આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે ખેડા જિલ્લા યુવા મોરચાના મહામંત્રીઓ, નગરપાલિકા પ્રમુખ, APMC ચેરમેન અને શહેર ભાજપના વિવિધ હોદ્દેદારો તથા કાર્યકર્તાઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. આ કાર્યક્રમ દરમિયાન મહાનુભાવોના હસ્તે વૃક્ષારોપણ કરી પ્રકૃતિના જતનનો સંકલ્પ લેવાયો હતો અને દમયંતી બાગના તૃપ્તિબેન શાહ દ્વારા સૌ માટે અલ્પાહારની વ્યવસ્થા કરવામાં આવી હતી.

આણંદમાં 'ઓર્ગનમેન ઓફ ઇન્ડિયા' પદ્મશ્રી નિમેષભાઈ માંડેલવાલાનું ભવ્ય સન્માન કરાયું

આણંદ | સરદાર પટેલ એજ્યુકેશન ટ્રસ્ટ (SPET) ખાતે દેશમાં અંગદાન ક્ષેત્રે ક્રાંતિ લાવનારા અને પદ્મશ્રીથી સન્માનિત નિમેષભાઈ માંડેલવાલાનો ભવ્ય સન્માન સમારંભ યોજાયો હતો. મુખ્ય વક્તા જય વસાવડાએ અંગદાનને 'મહાકાળનું મહાદાન' ગણાવી યુવા પેઢીને આ સેવાયજ્ઞમાંથી પ્રેરણા લેવા આહવાન કર્યું હતું. સન્માનનો સ્વીકાર કરતા નિમેષભાઈએ આ એવોર્ડ બ્રેઇનડેડ દર્દીઓના પરિવારોને અર્પણ કર્યો હતો જેમણે અંગદાન દ્વારા અન્યને નવજીવન આપવાનો સાહસિક નિર્ણય કર્યો છે. સાંસદ મિતેશભાઈ પટેલ સહિત મહાનુભાવોની ઉપસ્થિતિમાં કાર્યક્રમ સંપન્ન થયો હતો.

સરદાર પટેલ યુનિ.માં ડો. ઈશિતા પટેલે એલએલએમ (હ્યુમન રાઈટ લો)માં પ્રથમ સ્થાન મેળવ્યું

આણંદ | સરદાર પટેલ યુનિવર્સિટી દ્વારા એલએલ.એમ. (LLM) અભ્યાસક્રમના ચોથા સેમેસ્ટરના પરિણામ જાહેર કરવામાં આવ્યા છે. આ પરિણામોમાં આણંદ પીપલ્સ મેડિકેર સોસાયટી સંચાલિત પી.એમ. પટેલ પીજી ઇન્સ્ટીટ્યુટ ઓફ લો એન્ડ હ્યુમનરાઇટ્સના વિદ્યાર્થીની ડો. ઈશિતાબેન પટેલે હ્યુમન રાઇટ લો વિભાગમાં સમગ્ર યુનિવર્સિટીમાં પ્રથમ સ્થાન પ્રાપ્ત કરીને સંસ્થાનું ગૌરવ વધાર્યું છે. ડો. ઈશિતા પટેલે કાયદાના વિષયોમાં પોતાની કુશાગ્રતાનો પરિચય આપ્યો હતો. તેમની આ સિદ્ધિ બદલ એપીએમએસ સંસ્થાના સ્થાપક પ્રમુખ બિપીનચંદ્ર પી. પટેલ (વકીલ), વાઇસ પ્રેસિડેન્ટ અને સીઇઓ ડો. પાર્થ બી. પટેલ, એડમીન વિભાગના ડો. ચુગ્માબેન પટેલ, એડવોકેટ મનુભાઈ સી. પટેલ અને કાર્યકારી આચાર્ય ડો. પ્રકાશભાઈ ઠાકોરે તેમને અભિનંદન પાઠવ્યાં હતાં.

નડિયાદ સ્થિત કેડીસીસી બેંક દ્વારા ટ્રાફિક બ્રિગેડ જવાનોને યુનિફોર્મ વિતરણ કરાયું

નડિયાદ | ધી ખેડા ડિસ્ટ્રિક્ટ સેન્ટ્રલ કો-ઓપરેટિવ બેંક (કેડીસીસી) દ્વારા સામાજિક જવાબદારીના ભાગરૂપે નડિયાદના TRB જવાનો માટે યુનિફોર્મ વિતરણ કાર્યક્રમ યોજાયો હતો. બેંકના ચેરમેન તેજશ પટેલની અધ્યક્ષતામાં યોજાયેલા આ પ્રસંગે ધારાસભ્ય યોગેન્દ્રસિંહ પરમાર સહિત બેંકના ડિરેક્ટરો અને પોલીસ અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા. ટ્રાફિક વ્યવસ્થા જાળવતા જવાનોની કામગીરીને બિરદાવવા અને તેમને પ્રોત્સાહન પૂરું પાડવાના આશયથી બેંક દ્વારા આ સેવાકીય પહેલ કરવામાં આવી છે. આ તકે ચેરમેને બેંકની સામાજિક પ્રતિબદ્ધતા વ્યક્ત કરી જવાનોની નિષ્ઠાપૂર્વકની સેવાઓની પ્રશંસા કરી સૌને પ્રોત્સાહિત કર્યા હતા.

ખંભાતના નાના કલોદરામાં NRIએ દાદાની સ્મૃતિમાં શાળાના બાળકોને તિથિ ભોજન કરાવ્યું

ખંભાત | ખંભાતના નાના કલોદરા ગામની ચંચલ દિપ વિદ્યાવિહારના બાળકોને પૂર્વ વિદ્યાર્થી કૃપેશભાઈ પટેલે સ્વાદિષ્ટ ભોજન કરાવ્યું હતું. ઓસ્ટ્રેલિયામાં સ્થાયી થયેલા અને વર્ષ ૨૦૧૭માં શાળામાં પ્રથમ ક્રમે ઉત્તીર્ણ થયેલા કૃપેશભાઈએ પોતાના દાદા સ્વ. જમનાભાઈ મગનભાઈ પટેલની સ્મૃતિમાં આ સેવાકાર્ય કર્યું હતું. બાલમંદિરથી ધોરણ ૧૦ સુધીના બાળકોને સ્વહસ્તે ભોજન પીરસીને કૃપેશભાઈએ માતૃશાળા પ્રત્યેનો પોતાનો પ્રેમ અને લાગણી વ્યક્ત કરી હતી. આ પ્રસંગે શાળાના આચાર્ય ઇન્દ્રાબેન પટેલે દાતા પરિવારનો આભાર માન્યો હતો અને પૂર્વ વિદ્યાર્થીને શુભેચ્છાઓ પાઠવી હતી.

આણંદના નવનિયુક્ત પદાધિકારીઓનું મુસ્લિમ અગ્રણીઓ દ્વારા ઉમળકાભેર સ્વાગત કરાયું

આણંદ | કરમસદ-આણંદ મહાનગરપાલિકાના નવનિયુક્ત મેયર દિપિકાબેન પટેલ, ડેપ્યુટી મેયર કમલેશ ડાભી અને સ્ટેન્ડિંગ ચેરમેન મયુર સુથારનું મુસ્લિમ સમાજ દ્વારા ભવ્ય સન્માન કરાયું હતું. સરવર ચેરિટેબલ ટ્રસ્ટના પ્રમુખ યાવરહુશેન ઠાકોર અને અન્ય અગ્રણીઓએ ત્રણેય પદાધિકારીઓને પુષ્પગુચ્છ અર્પણ કરી તેઓના સફળ કાર્યકાળ માટે શુભેચ્છાઓ પાઠવી હતી. આ પ્રસંગે શાહબુદ્દીન મલેક અને શકીલભાઈ પાલિકાવાળા સહિતના અનેક અગ્રણીઓએ હાજર રહી નવનિયુક્ત નેતૃત્વને અભિનંદન પાઠવ્યા હતા.

લુણાવાડાના સોનેલા ગામે મહિલા મંડળ દ્વારા આયોજિત ભવ્ય રામકથામાં ભક્તોમાં ભારે ઉત્સાહ

લુણાવાડા | મહિસાગર જિલ્લાના સોનેલા ગામે મહિલા મંડળ દ્વારા પવિત્ર પુરુષોત્તમ માસ નિમિત્તે સુખ-શાંતિના હેતુથી ભવ્ય રામકથાનું સુંદર આયોજન કરવામાં આવ્યું છે. સુપ્રસિદ્ધ વક્તા રિતેશભાઈ જાની પોતાની મધુર શૈલીમાં ભગવાન શ્રીરામના જીવન પ્રસંગોનું વર્ણન કરી શ્રોતાઓને ભક્તિરસમાં તરબોળ કરી રહ્યા છે. આ ધાર્મિક મહોત્સવનો લાભ લેવા સોનેલા સહિત આજુબાજુના ગામોમાંથી મોટી સંખ્યામાં ભક્તો ઉમટી પડતા સમગ્ર પંથકમાં મંગલમય વાતાવરણ છવાયું છે. આગામી ૧૫મીના રોજ ભવ્ય મહાઆરતી અને મહાપ્રસાદના આયોજન સાથે આ રામકથાની ભાવપૂર્ણ પૂર્ણાહુતિ કરવામાં આવશે.